## ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી અને બાયો-એનર્જી કોલેજ દ્વારા આત્મા પ્રોજેક્ટ, માળિયા તાલુકો (જુનાગઢ) નાં ખેડુતો માટે તાલીમ કાર્યક્રમ યોજાયો

ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી અને બાયો-એનર્જી કોલેજ હસ્તક પ્લાન યોજના ટ્રેઇનીંગ ઓન "ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી" હેઠળ તા. ૭-૩-૨૦૧૭ થી ૯-૩-૨૦૧૭ સુધી "ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી " વિષય પર તાલીમ કાર્યક્રમ આયોજીત કરવામાં આવેલ. આ તાલીમ કાર્યક્રમમાં માળિયા તાલુકો(જી. જુનાગઢ)નાં ૩૬ ખેડુત ભાઇઓએ ભાગ લીધેલ. કાર્યક્રમની શરૂઆતમાં ડો. ડી.સી.જોષી, આચાર્યશ્રીએ સૌ તાલીમાર્થીઓને આવકારી આવી તાલીમ યોજવા પાછળનો હેતુ, મહત્વ તેમજ આવનાર દિવસોમાં તૈયાર બનાવટો અને તેના લગત ઉધોગો ઝડપથી વિકસવાના હોવાથી આ ફિલ્ડ માટે કુશળ માનવબળની જરૂરિયાત તેમજ વિવિધ કૃષિ પાકોમાં પ્રોસેસીંગ ક્ષમતા વિષે માહિતી આપેલ. શાકભાજી પાક: પોસ્ટ હાર્વેસ્ટ મેનેજમેન્ટ, તેલીબિયા પાકો: મુલ્ય વર્ધિત બનાવટો, ધાન્ય પાકો: પ્રોસેસીંગ અને મુલ્ય વર્ધન, બિન-પરંપરાગત ઉર્જાનો ફૂડ પ્રોસેસીંગમાં ઉપયોગ, સોલાર ડ્રાઇંગ: ફૂડ અને કૃષિ પેદાશોની સુકવણી, કાચી પાકી કેરી: મુલ્ય વર્ધિત બનાવટો, ખાધ્ય પદાર્થોની ઇરેડીએશન પ્રક્રિયા, શાકભાજી પાક: કોલ્ડ ચેઇન મેનેજમેન્ટ પ્રોસેસીંગ, એગ્રી બીઝનેસ મેનેજમેંટ, FSSAI: કાયદાની સમજ જેવા વિષયો પર વિષય-નિષ્ણાતો દ્વારા તાલીમ આપવામાં આવેલ. આ તાલીમ દરમિયાન તાલીમાર્થીઓને કોલેજનાં વિભાગોની લેબોરેટરીમાં આવેલ ફૂડ પ્રોસેસીંગ મશીનરીની જાણકારી આપેલ. તેમજ ફૂડ બીઝનેસ ઇન્ક્યુબેશન સેન્ટર , લેબોરેટરી, બાયો-એનર્જી પાર્ક, બાયોગેસ પ્લાન્ટ, પ્રોટો-ટાઇપ લેબ., વિધ્યા ડેરી, અમૂલ ડેરી ની મુલાકાત લીધેલ. સમગ્ર તાલીમ કાર્યક્રમનું આયોજન તાલીમ-સંયોજક, ડૉ.એસ.એસ.કાપડી અને તાલીમ સહ-સંયોજક, કે. વી. વાળા દ્વારા આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ.













